# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-06-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-કચ્છ કુરન-શાળા પ્રવોત્સવ:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ શાળા પ્રવેશોત્સવના ત્રીજા દિવસે આજે કચ્છ જીલ્લાના સરહદી ગામ કુરનની શાળામાં બાળકોનો શાળા પ્રવેશોત્સવ કરાવશે. દરમ્યાન ગઈકાલે મુખ્યમંત્રી શ્રી પટેલે કચ્છના રણમાં બોર્ડર સિક્યુરીટી ફોર્સ બીએસએફની 85 બટાલિયનના જવાનો સાથે ગોષ્ઠી કરી તેમની સાથે ભોજન પણ લીધુ હતું. શ્રી પટેલે રણની વિષમ પરિસ્થિતિમાં પણ દેશની સરહદના સંત્રી તરીકે ખડેપગે રહેવાની જવાનોની ફરજ નિષ્ઠાની પ્રસંશા કરી હતી. આ મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રી સાથે કચ્છ જીલ્લા પંચાયત પ્રમુખ, ભુજ વિસ્તારના ધારાસભ્ય, કચ્છ જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી તેમજ બી.એસ.એફના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------------------------------------------------------------------------------------

## ભુજ-કચ્છ કાર્નિવલ:

જીલ્લા મથક ભુજ ખાતે ગઈકાલે કચ્છી નવુ વર્ષ અષાઢી બીજના આયોજીત કચ્છ કાર્નિવલમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉપસ્થિત રહી કચ્છી માડુઓને નવા વર્ષની સુભકામના પાઠવી હતી. તેણે જણાવ્યુ હતું કે કચ્છીઓ પોતાના આગવા ખમીર અને જમીરથી ઉત્સવો માણવા માટે પ્રખ્યાત હોવાથી દેશ વિદેશથી આવતા લોકો કચ્છની પરંપરાગત અને ભાતીગળ સંસ્કૃતિ,ખાનપાન અને કલાકારીગીરીથી પ્રભાવીત થાય છે. શ્રી પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રારંભ કરાવેલા કચ્છ કાર્નિવલની પરંપરાને આગળ વધારવા બદલ કચ્છ સાંસદ વિનોદ ચાવડાને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી પટેલે વધુમાં જણાવ્યુ હતું કે કચ્છ પ્રધાનમંત્રીશ્રી મોદીના વિકાસના વિઝન અને કમિટમેન્ટનું એક ઉત્તમ ઉદાહરણ બન્યુ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતું રિન્યુએબલ એનર્જી,ગ્રીન હાઈડ્રોજનના પ્રકલ્પો થકી કચ્છ ભારતનું પાવર હાઉસ બની અર્થતંત્રમાં મોટુ યોગદાન આપશે.

દરમ્યાન ગઈકાલે ભુજમાં હમીસર તળાવકાંઠે યોજાયેલા ઐતિહાસિક કચ્છ કાર્નિવલમાં બે હજાર પાંચસો થી વધુ કલાકારોએ 62 ફ્લોટસ સાથે પોતાની કળાના કામણ પાથરી ઉપસ્થિત હજારો દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

---------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-ગાંધીનગર:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં આવેલી ઇન્ફર્મેશન એન્ડ લાઈબ્રેરી નેટવર્ક – ઈનફ્લિબનેટ કેન્દ્રની મુલાકાત લીધી. તેમજ તેમણે પુસ્તકાલયોનાં વિકાસની પણ સમીક્ષા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું, ઈનફ્લિબનેટના માધ્યમથી પુસ્તકાલયોને અત્યાધુનિક ટેક્નોલૉજી સાથે જોડીને સતત વિકસિત કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત શ્રી શાહે ‘સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય’ની મોબાઈલ એપ પણ લોન્ચ કરી. આ એપ પુસ્તકપ્રેમીઓ માટે તેમના મનપસંદ પુસ્તક મેળવવા ઘણી ઉપયોગી સાબિત થશે.

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-ગાંધીનગર-શાળા પ્રવેશોત્સવ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શિક્ષણને લગતી મુશ્કેલીઓને નિવારવા સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું. ગાંધીનગરની પુન્દ્રા-સણ પ્રાથમિક શાળામાં ગઈકાલે પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું. દરમિયાન તેમણે આર્થિક મુશ્કેલીના કારણે બાળકોનું શિક્ષણ બંધ કરી દેનારા માતાપિતાઓને બાળકોનું શિક્ષણ ન અટકાવવા અપીલ કરી. તેમજ શ્રી પટેલે સૌ વિદ્યાર્થીઓ અને વાલીઓને સરકારની શૈક્ષણિક યોજનાનો વધુમાં વધુ લાભ લેવા પણ આહ્વાન કર્યું. શ્રી પટેલે શાળાની આંગણવાડી, બાળવાટિકા, પહેલા અને નવમા ધોરણના મળીને કુલ 197 ભૂલકાઓનો શાળા પ્રવેશ કરાવ્યો.

---------------------------------------------------------------------------

## અમદાવાદ-રથયાત્રા:

અમદાવાદમાં ગઈકાલે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા યોજાઈ. આ વખતે રથયાત્રાની શરૂઆતમાં પહેલી વાર રાજ્ય પોલીસે ભગવાનને ગાર્ડ ઑફ ઑનર આપ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ બપોરે તંબુ ચોકી પહોંચી રથયાત્રા નીહાળી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના અમદાવાદ શહેરમાં ભ્રમણ તેમજ રથયાત્રાના સંચાલનની પળેપળની દેખરેખ મુખ્યમંત્રી નિવાસસ્થાનના C.M. ડૅશબૉર્ડની વીડિયો વૉલ પર જીવંત પ્રસારણ નિહાળીને કર્યું. તેમજ રથયાત્રાના માર્ગ, રથના લૉકેશન, પોલીસ દ્વારા A.I. અને ડ્રૉન ટેકનોલોજીના ઉપયોગથી થઈ રહેલી રથયાત્રાની દેખરેખ અને સલામતી વ્યવસ્થાની વિસ્તૃત માહિતી પણ મેળવી હતી.

---------------------------------------------------------------------------------

## રાજ્ય-કૃષિ પુરસ્કાર:

રાજ્યમાં કોઠાસૂઝથી ખેતી ક્ષેત્રે સિદ્ધિ મેળવનારા અને વિશેષ પ્રદાન કરનારા ખેડૂતોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે. આવા ખેડૂતોને પ્રોત્સાહન આપવા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર યોજના અંતર્ગત એક લાખ રૂપિયા સુધીની રોકડ પુરસ્કાર અપાશે એમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

ખેડૂતોએ યોજનાનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. અરજીપત્ર ખેતી નિયામકની વૅબસાઈટ પર ઉપલબ્ધ છે. આ યોજના અંગે વધુ જાણકારી મેળવવા જિલ્લા પંચાયત ખાતે જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

---------------------------------------------------------------------------------

## કચ્છ માંડવી પુર્વ તાલુકા પ્રમુખનું નિધન:

માંડવી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જીવુભા રાઠોડનું ભુજ ખાતે અવસાન થયું હતું. તાલુકા પંચાયત પ્રમુખ તરીકે તેમના સમયમાં ઘણા વિકાસ કાર્યો થયાં હતાં. સામાજિક સેવાકીય પ્રવૃતિઓમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી.

------------------------------------------------------------------------------------

## રાજ્ય-હવામાન:

હવામાન વિભાગે આજે કચ્છ, બનાસકાંઠા, દેવભૂમિદ્વારકા અને જામનગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદની આગાહી કરી છે.

------------------------------------------------------------------------------------